Vibrant GUJARAT 2017

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; પોષ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજયભરમાં તીવ્ર ઠંડીનું મોજુ

## ૫.૪ ડિગ્રી સાથે નલિયા ઠંડુગાર : ડીસામાં ૬.૮ ડિગ્રી તાપમાન : આગામી ૪૮ કલાક ગુજરાતમાં કોલ્ડવેવ રહેવા માટે ચેતવણી



અમદાવાદ, તા.૧૧

અમદાવાદ સહિત રાજયભરમાં હવે તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે એકાએક ઠંડીમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાનનો પારો એકાએક ગગડી ગયો છે. કોલ્ડવેવની કોઈ ચેતવણી પણ આગામી ત્રણ દિવસ માટે જારી કરવામાં આવી છે. આજે સૌથી વધારે ઠંડીનો અનુભવ નલિયામાં રહ્યો હતો. અહીં પારો ગગડીને ૫.૪ સુધી નીચે પહોંચી ગયો હતો. જ્યારે ડીસામાં ૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કડકડતી ઠંડીથી લોકો ધ્રુજી ઉઠ્યા હતા. ડિશામાં પણ જોરદાર ઠંડીના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. આજે રાજયના અનેક ભાગોમાં પારો ખૂબ નીચે પહોંચી ગયો હતો. જેમાં ગાંધીનગરમાં ૮.૮, વલસાડમાં ૯.૫, રાજકોટમાં ૮.૩, પોરબંદરમાં ૮, કચ્છ-માંડવીમાં ૮.૫નો સમાવેશ થાય છે. એકાએક ઠંડીના લીધે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બપોર સુધી લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. ઉત્તરાયણ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે એકાએક ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૦.૩ ડિગ્રી નોંધાયું હતું. જયારે પાટનગર ગાંધીનગરમાં પણ લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી નોંધાયું હતું. હાલમાં હવામાન વિભાગ તરફથી આગામી સપ્તાહમાં ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવી આગાહી કરાઈ છે. કોલ્ડવેવની ચેતવણી પણ બે દિવસ માટે જારી કરાઈ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ ગુજરાત પ્રદેશમાં કોલ્ડવેવની સ્થિતિ રહી શકે છે. અમદાવાદ હવામાન વિભાગના

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં મોસમની સૌથી વધુ ઠંડી : પારો ૮.૮. ડિગ્રી

ગાંધીનગર, તા.૧૧

ઉત્તર ભારતમાં થઈ રહેલ ભારે હિમવર્ષાને કારણે ગુજરાત સહિત મધ્ય ભારતમાં કાતિલ ઠંડી લોકોને ઠુઠવી રહી છે.

ભારે હિમવર્ષા તથા તેની સીધી અસર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હાલ વર્તાઈ રહી છે. શિયાળાની શરૂઆતથી જ પાટનગર ઠંડીની લપેટમાં લપેટાયેલું છે. ઠંડીનો પારો નીચે ગગડતા આજે ગાંધીનગરમાં સીઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી અને લઘુત્તમ ઠંડીનો પારો ૮.૮. ડિ.સે. રહ્યો હતો. જયારે સવારમાં પણ મહત્તમ તાપમાનનો પારો ૨૪.૬ ડિ.સે. રહ્યો હતો. ઋતુચક્રમાં બદલાવ થતા ઉત્તર ભારતના મોટા ભાગના રાજયોમાં બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરાખંડ રાજયોમાં ભારે હિમવર્ષાને કારણે જનજીવન પર અસર થઈ રહી છે. નાગરિકો ઠંડીથી બચવા ગરમ કપડામાં લપેટાઈ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. જયારે ઉત્તર ભારતના મોટા ભાગના પ્રવાસન સ્થળો પર સહેલાણીઓ અટવાઈ ગયા છે.

ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી અને સુસવાટા મારતા સુકા પવનો ગુજરાત સહિત મધ્ય ભારતમાં લોકોને અસર કરી રહ્યા છે. આ શીત લહેરને કારણે ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડીનો નગરજનો અનુભવ કરી રહ્યા છે. ગાંધીનગરમાં સતત તાપમાનનો પારો નીચે રહેતા નગરજનો ઠંડી સામે બેબસ બન્યા છે. રાજયભરમાં ગાંધીનગર અને નલીયામાં ઠંડી વધારે નોંધાય છે. પાટનગર ગાંધીનગરમાં આજે ચાલુ સીઝનની રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાનનો પારો ૮.૮. ડિ.સે. રહ્યો હતો જયારે સવારનો પારો મહત્તમ ૨૪.૫ ડિ.સે. રહ્યો હતો. પરિણામે આખો દિવસ નગરજનોએ ગરમ કપડામાં લપેટાઈને રહેવું પડયું હતું. નગરજનો ઠંડીને લઈ ભારે પરેશાન થઈ ગયા છે. ઠંડીને લીધે સવારે ભેજ ૭૬ ટકા અને સાંજે ૩૪ નોંધાયો હતો.

# સહારા-બિરલા ડાયરી કેસ સુપ્રીમે ફગાવ્યો

**નક્કર પુરાવા હોવાનો સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ ઈનકાર કર્યો હાલ વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતા તમામ અરજીદારોની તપાસની માંગ સુપ્રિમ કોર્ટે ફગાવી**

નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે સુપ્રિમ કોર્ટે સહારા-બિરલા ડાયરીમાં તપાસ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે આમાં કોઈપણ પ્રકારના પુરાવા નથી. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ હાલમાં જ આક્ષેપ કર્યો હતો કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે નરેન્દ્ર મોદી હતા ત્યારે મોટા કોર્પોરેટ હાઉસ તરફથી જંગી કટકી મેળવવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે આ કેસમાં વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા રજુ કરવામાં આવેલા દસ્તાવેજોમાં કોઈ વિશ્વસનિયતા નથી. વડાપ્રધાન અને અન્યો સામે તપાસ કરી શકાય તેવા કોઈ પુરાવા મળી રહ્યા નથી. કોર્ટે કહ્યું હતું કે ભૂષણની અરજી મેરીટ ઉપર ટકે તેવી નથી. કાયદાની પ્રક્રિયામાં દુરૂપયોગ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર




# ઓબામા પ્રમુખ પદેથી અંતિમ સંબોધનમાં ભાવનાશીલ બન્યા

**ભાષણ દરમિયાન ટ્રમ્પને ઘણી સલાહ પણ આપી : ચીન અને રશિયા જેવા દેશો પણ અમેરિકાની જગ્યા લઈ શક્યા નથી કારણ કે અમેરિકામાં લોકશાહીની તાકાત છે : ધાર્મિક કટ્ટરવાદ ખૂબ જ ખતરનાક**

ન્યુયોર્ક,તા. ૧૧

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ શિકાગોએ પ્રમુખ તરીકે અંતિમ ભાષણ આપ્યું હતું. શિકાગોમાં પોતાના ભાષણ દરમિયાન ઓબામાએ છેલ્લા આઠ વર્ષની મોટી સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. ઓબામાએ કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યા વગર આગામી

● અનુસંધાન પાન-૭ પર









## હવે ક્રેડિટ સ્કોરથી હોમ લોનના ઈએમઆઈ

નવી દિલ્હી,તા. ૧૧

હજુ સુધી ક્રેડિટ સ્કોરથી આ બાબતથી નક્કી થતી રહી છે કે કોઈને લોન મળવામાં કેટલી સુવિધા અથવા તો પરેશાની થશે અથવા તો લોન મળશે કે નહીં પરંતુ હવે આમાંથી એ બાબત પણ નક્કી થશે કે કોઈ વ્યક્તિની હોમલોનની ઈએમઆઈ કેટલી રહેશે. હકીકતમાં હવે હોમલોન પર વ્યાજદરને ક્રેડિટ રેટીંગ સાથે લીંક કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. આ પ્રવાહ શરૂ કરવામાં આવ્યા બાદથી હવે ક્રેડિટ સ્કોરથી જ હોમલોનની ઈએમઆઈ નક્કી કરવામાં આવશે. આની શરૂઆત બેંક ઓફ બરોડા દ્વારા કરવામાં આવી રહી છે. સૌથી સસ્તા હોમલોન આપવાની ઓફર બેંક ઓફ બરોડા દ્વારા જ કરવામાં આવી છે. બેંક ઓફ બરોડાએ હોમલોન પર વ્યાજદરને લોન લેનારના ક્રેડિટ સ્કોર સાથે જોડવાનો નિર્ણય કર્યો છે. આના હેઠળ જે વ્યક્તિના સિવિલ સ્કોર ૭૬૦ પોઈન્ટથી વધારે હશે તેને હોમલોન પર માત્ર ૮.૩૫ ટકાના દરથી વ્યાજની ચૂકવણી કરવી પડશે.

